
# તમારી પુરસ્થગ્રંથિ (પ્રોસ્ટેટ) વિશે જાણો

## પુરૂષો માટે માહિતી



PROSTATE CANCER UK

Gujarati/English

# આ પુસ્તિકા વિષે

આ પુસ્તિકા પુરુષો માટે છે. પુરુષોના પરિવારો માટે પણ આ મદદરૂપ થઈ શકે.

અમે સ્પષ્ટતા કરીએ છીએ કે પુરસ્થગ્રંથિ (પ્રોસ્ટેટ) શું છે, તે શું કાર્ય કરે છે અને તેમાં શું ખરાબી થઇ શકે છે.

અમે એ પણ સ્પષ્ટતા કરીએ છીએ કે કયા ફેરફારો પર દેખરેખ રાખવી અને જો તમને જણાય કે તમને પુરસ્થગ્રંથિ (પ્રોસ્ટેટ) સમસ્યા છે તો શું કરવું.


# પુરસ્થગ્રંથિ શું છે?

માત્ર પુરૂષો જ પુરસ્થગ્રંથિ (પ્રોસ્ટેટ) ધરાવે છે. સામાન્યપણે તેનું કદ અને આકાર અખરોટનો હોય છે અને આપની વયની સાથે તે મોટું થતું જાય છે.

તમારી પુરસ્થગ્રંથિ (પ્રોસ્ટેટ) તમારા શરીરમાં હોય છે. તે તમારા મૂત્રાશયની નીચે અને તમે પેશાબ કરો તે મૂત્રાવાહિનીની (યુરેથ્રા) આજુબાજુ સ્થિત હોય છે. તે વીર્ય - શુક્રાણુનું વહન કરતું પ્રવાહી બનાવવામાં મદદ કરે છે.

## તમારી પુરસ્થગ્રંથિમાં શું ખરાબી થઇ શકે?

પુરસ્થગ્રંથિ (પ્રોસ્ટેટ) ની ખૂબ સામાન્ય સમસ્યાઓ આ મુજબ છેઃ
- વિસ્તારિત પ્રોસ્ટેટ
- પ્રોસ્ટેટાઇટિસ
- પુરસ્થગ્રંથિ (પ્રોસ્ટેટ) કેન્સર.


મૂત્રાશય
પેશાબ માર્ગ
શિશ્ન
પુરસ્થગ્રંથિ
(પ્રોસ્ટેટ)
વૃષણ

# કયા ફેરફારોનું મારે ધ્યાન રાખવું જોઇએ?

તમે પેશાબ કરો ત્યારે તમને કોઇ ફેરફારો જણાય અથવા નીચે આપેલ કોઇ પણ સમસ્યાઓ હોય - તો આ તમારી પુરસ્થગ્રંથિ (પ્રોસ્ટેટ) માં સમસ્યાની નિશાની હોઇ શકે છે.

☑ તમને જે સમસ્યાઓ હોય તેના પર નિશાની કરીને આ પુસ્તિકા તમારા ડૉકટર અથવા નર્સ પાસે લઈ જવાથી તમને મદદ મળી શકે.

ધ્યાન રાખવાનાં ફેરફારોમાં આ મુજબ સમાવેશ થાય છેઃ

- ☐ રાત્રિ સહિત, સામાન્ય કરતાં વધુ વખત પેશાબ જવાની આવશ્યકતા
- ☐ પેશાબ શરૂ કરવામાં સમસ્યા
- ☐ પેશાબ સમાપ્ત કરવામાં ખેંચાણ અથવા ખૂબ સમય લાગવો
- ☐ પેશાબ કરતી વખતે નબળો પ્રવાહ
- ☐ એવી લાગણી કે મૂત્રાશય યોગ્ય રીતે ખાલી થયું નથી
- ☐ અચાનક પેશાબ કરવાની જરૂરિયાત ઊભી થવી – કેટલીક વખત શૌચાલય પહોંચતા પહેલા જ પેશાબ લીક થવો
- ☐ તમે પેશાબ સમાપ્ત કરો ત્યાર બાદ પેશાબ ટપકવો.

ખૂબ ઓછા સામાન્ય લક્ષણોમાં આ મુજબ સમાવેશ થાય છેઃ


- ☐ પેશાબ સમયે દુઃખાવો થવો
- ☐ શુક્ર સ્ત્રાવ સમયે દુઃખાવો થવો
- ☐ પેશાબ અથવા વીર્યમાં લોહી
- ☐ ઉત્થાન હાંસલ કરવામાં અથવા જાળવી રાખવામાં સમસ્યાઓ.


વયસ્ક પુરુષોમાં પેશાબની સમસ્યાઓ સામાન્યપણે મળી આવે છે અને હંમેશા તે પુરસ્થગ્રંથિ (પ્રોસ્ટેટ) ની સમસ્યા હોવાની નિશાની નથી તે ચેપ, સ્વાસ્થ્યની કોઇ અન્ય સમસ્યા જેમકે ડાયાબિટીસ, અથવા અન્ય દવાઓને કારણે પણ થઈ શકે છે.

અમે અહીં ઉલ્લેખ કર્યો એવા કોઇ પણ ફેરફારો તમને જણાય તો તમારા ડૉકટર કે નર્સ સાથે વાત કરો. તમે અમારા નિષ્ણાત નર્સોનો સંપર્ક પણ 0800 074 8383 પર કરી શકો છો અને દુભાષીયા સાથે વાત કરવા જણાવી શકો છો. સામાન્યપણે પેશાબની સમસ્યાઓનું સંચાલન કરવા માટે સારવારો ઉપલબ્ધ છે.

# વિસ્તરણ થયેલ પુરસ્થગ્રંથિ (પ્રોસ્ટેટ) શું છે?

જેમ તમે વૃદ્ધ થાવ છો તેમ પુરસ્થગ્રંથિ (પ્રોસ્ટેટ) મોટી થાય છે. આ વિસ્તારિત પુરસ્થગ્રંથિ (એન્લાર્જ્ડ પ્રોસ્ટેટ) તરીકે ઓળખાય છે અને 50 વર્ષ કરતા વધુ વયના પુરુષોમાં બહુ સામાન્ય છે. તમારા કાને પડી શકે કે ડૉક્ટર તેને બિનાઇન પ્રોસ્ટેટિક એન્લાર્જમેન્ટ (benign prostatic enlargement, BPE) અથવા બિનાઇન પ્રોસ્ટેટિક હાયપરપ્લાઝિયા (benign prostatic hyperplasia, BPH) તરીકે ઓળખતા હોય. તે કેન્સર નથી અને તેનાથી તમને પ્રોસ્ટેટ કેન્સર થવાના જોખમમાં વધારો થતો નથી.




જેમ પુરસ્થગ્રંથિ (પ્રોસ્ટેટ) વિકાસ પામે છે, તે મૂત્રવાહિની પરથી પસાર થાય છે તેને દબાવે છે અને પેશાબનો પ્રવાહ ધીમો પડે છે અથવા બંધ થાય છે. આને કારણે નીચે મુજબ થઈ શકે:


- ☐ પેશાબ કરતી વખતે નબળો પ્રવાહ
- ☐ એવી લાગણી કે મૂત્રાશય યોગ્ય રીતે ખાલી થયું નથી
- ☐ પેશાબ શરૂ કરવામાં સમસ્યા
- ☐ તમે પેશાબ સમાપ્ત કરો ત્યાર બાદ પેશાબ ટપકવો
- ☐ રાત્રિ સહિત, સામાન્ય કરતાં વધુ વખત પેશાબ જવાની આવશ્યકતા
- ☐ અચાનક પેશાબ કરવાની જરૂરિયાત ઊભી થવી – કેટલીક વખત તમે શૌચાલય સુધી પહોંચો ત્યાર પહેલા પેશાબ લીક થવો.

તમને આ પૈકી તમામ લક્ષણો ન પણ જણાય અને વિસ્તાર પામેલ પ્રોસ્ટેટ ધરાવતા કેટલાક પુરુષોને કોઇ લક્ષણો જણાતા નથી. આ લક્ષણો અન્ય બાબતોને કારને પણ જણાઇ શકે જેમકે ઠંડું હવામાન, અસ્વસ્થતા, આરોગ્યની અન્ય સમસ્યાઓ, તમારી જીવનશૈલી અને કેટલીક દવાઓ.

વિસ્તારિત પ્રોસ્ટેટના લક્ષણોનો ઉપચાર કરવાની રીતો છે જેમકે તમે શું પીવો છો તેમાં ફેરફાર કરવા, દવાઓ અને શસ્ત્રક્રિયા.

# પ્રોસ્ટેટાઇટિસ શું છે?

પ્રોસ્ટેટાઇટિસ એ પુરસ્થગ્રંથિ (પ્રોસ્ટેટ) નો ચેપ અથવા તેનો સોજો છે. તે કેન્સર નથી અને તેનાથી તમને પ્રોસ્ટેટ કેન્સર થવાના જોખમમાં વધારો થતો નથી. તે પુરૂષોને કોઇપણ વયે અસર કરી શકે છે, પરંતુ તે 36 અને 50 વચ્ચેની વયના લોકોમાં ખૂબ સામાન્ય છે.



દરેક વ્યક્તિમાં લક્ષણોમાં અલગ અલગ હોઇ શકે અને તેમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે:

- ☐ તમારા વૃષણોમાં, બન્ને વૃષણોની વચ્ચેની જગ્યામાં, ગુદામાં અથવા શિશ્નમાં દુઃખાવો
- ☐ તમારા પેટના નીચેના ભાગમાં, પેડું માં અથવા પીઠમાં દુઃખાવો
- ☐ પેશાબ કરવામાં મુશ્કેલિ અને મૂત્રાશય પૂર્ણ રીતે ખાલી નહીં થવાની લાગણી
- ☐ રાત્રિ સહિત, સામાન્ય કરતાં વધુ વખત અથવા તાકીદે પેશાબ જવાની આવશ્યકતા
- ☐ પેશાબ કરતી વખતે અથવા ત્યાર પછી દુઃખાવો અથવા ડંખવું
- ☐ તમને એવી લાગણી થવી જાણે કે તમે ગોલ્ફના દડા પર બેઠા હોવ
- ☐ જાતિય સંબંધની કોઇ ઇચ્છા ન થવી (ઓછી કામેચ્છા)
- ☐ શિશ્નોત્થાન જાળવવામાં અથવા લાવવામાં મુશ્કેલી, વીર્ય સ્ખલન દરમિયાન અથવા ત્યાર પછી દુઃખાવો અથવા બળતરા અને નિયત સમય પહેલા વીર્યસ્ખલન – જોકે આમ થવું એકદમ સામાન્ય નથી.

તીવ્ર પ્રોસ્ટેટાઇટિસને કારણે શરીરનું તાપમાન વધી શકે અને પરસેવો થઈ શકે અને તમારે દવાખાનામાં જવાની આવશ્યકતા પડી શકે.


કરવાની એવી બાબતો છે જે પ્રોસ્ટેટાઇટિસના ઇલાજ કે સંચાલનમાં મદદરૂપ થઈ શકે જેમાં સામેલ છે આરામ કરવો, પુષ્કળ પાણી પીવું અને દવાઓ લેવી.

# પુરસ્થગ્રંથિ (પ્રોસ્ટેટ) કેન્સર શું છે?

પુરસ્થગ્રંથિ (પ્રોસ્ટેટ) માં ગાંઠ થવાનું શરૂ થાય ત્યારે આમ બને છે.

પુરસ્થગ્રંથિ (પ્રોસ્ટેટ) મોટા ભાગે ધીમેથી વિકાસ પામે છે અને તેનાથી ક્યારેય કોઇ સમસ્યાઓ ન પણ થાય. પરંતુ પ્રોસ્ટેટના કેટલાક કેન્સર વધુ ઝડપથી વિકસે છે. આનાથી સમસ્યાઓ થવાની સંભાવના વધારે છે અને તેના પ્રસારને રોકવા માટે સારવાર જરૂરી છે.

પુરસ્થગ્રંથિ (પ્રોસ્ટેટ) કેન્સર માટે ઘણી સારવારો ઉપલબ્ધ છે. કેટલીક સારવારોનું લક્ષ્ય કેન્સર દૂર કરવાનું છે. જો કેન્સર દૂર કરવું શક્ય ન હોય તો એવી સારવારો છે જેનાથી તમે એને નિયંત્રિત કરી શકો.



# શું પ્રોસ્ટેટ કેન્સરના કોઇ લક્ષણો છે?

**પ્રોસ્ટેટ કેન્સરની શરૂઆત થઈ હોય એવા મોટા ભાગના પુરુષોમાં કોઇ લક્ષણો નથી હોતાં.**

પરંતુ કેટલાક પુરુષોને પેશાબ કરવામાં મુશ્કેલી નડી શકે છે. તમે કેવી રીતે પેશાબ કરો છો એમાં જો તમને કોઇ ફેરફારો જણાય (પાન 4 જુઓ) ઘણું કરીને આ વિસ્તાર પામેલ પ્રોસ્ટેટનું ચિહ્ન હોવાની અથવા કોઇ અન્ય આરોગ્ય સમસ્યા સંભાવના વધારે છે.
પરંતુ તમારા ડોકટર સાથે વાત કરવી એ શ્રેષ્ઠ ઉપાય છે.


પ્રોસ્ટેટ કેન્સર જે શરીરના અન્ય ભાગોમાં ફેલાયેલ હોય (ઉન્નત પ્રોસ્ટેટ કેન્સર) તેનાં લક્ષણો નીચે મુજબ હોઇ શકે:

- ☐ પીઠમાં, નિતંબ અથવા પેઢુંમાં દુઃખાવો
- ☐ ઉત્થાન હાંસલ કરવામાં અથવા જાળવી રાખવામાં સમસ્યાઓ
- ☐ પેશાબ અથવા વીર્યમાં લોહી
- ☐ કોઇ કારણ વિના વજન ગુમાવવું.

આ લક્ષણો સમાન્યતઃ અન્ય બાબતોને કારણે થાય છે જે પ્રોસ્ટેટ કેન્સર નથી હોતું. તેમ છતાં, તમારા ડૉકટરની સલાહ લેવી સારી જેથી તેઓ તેના કારણો શોધી શકે અને તમને યોગ્ય સારવાર મળે તે સુનિશ્ચિત કરી શકે.

# શું મને પુરસ્થગ્રંથિ (પ્રોસ્ટેટ) કેન્સર થવાનું જોખમ છે?


યુકેમાં, 8 પુરૂષોમાંથી 1 ને પુરસ્થગ્રંથિ (પ્રોસ્ટેટ) કેન્સર થાય છે.




તમને પણ પુરસ્થગ્રંથિ (પ્રોસ્ટેટ) કેન્સર થવાની વધુ શક્યતા છે જોઃ

**50+**

**તમે 50 કરતા વધુ વયના છો** – અને તમારું જોખમ તમારી વય વધતી જાય તેની સાથે વધતું જાય છે.



**તમારા પિતા અથવા ભાઇને તે થયું હોય** – જો તમારા પિતા અથવા ભાઇને તે થયું હોય તો તમને થવાની શક્યતા અઢી ગણી વધી જાય છે.



**તમારી માતા અથવા બહેનને સ્તનનું કેન્સર હતું.**

### શું હું પુરસ્થગ્રંથિ (પ્રોસ્ટેટ) કેન્સર અટકાવી શકુ?

પુરસ્થગ્રંથિ (પ્રોસ્ટેટ) કેન્સર કેવી રીતે અટકાવવું તેની કોઇને ખબર નથી, પરંતુ તંદુરસ્ત વજન જાળવી રાખવાનું મહત્વનું હોઇ શકે છે. મેદસ્વીતા અથવા વધુ વજન હોવાથી પુરસ્થગ્રંથિ (પ્રોસ્ટેટ) ની બહાર કેન્સરના ફેલાવાની તમારી શક્યતા ઘણી વધી જાય છે.

# મારે હવે શું કરવું જોઇએ?

આ પુસ્તિકામાં આપણે વાત કરી તેવા ફેરફારોમાંથી જો કોઇ તમને જણાય અથવા પુરસ્થગ્રંથિ (પ્રોસ્ટેટ) કેન્સરના જોખમ વિશે જો તમે ચિંતાતુર હો તો, તમારા ડોકટરની મુલાકાત લો. તમે 0800 074 8383 પર અમારા નિષ્ણાંત નર્સોને પણ કૉલ કરી શકો છો અને દુભાષીયા સાથે વાત કરવા જણાવી શકો છો.

ઘણીવાર પેશાબ સમસ્યાઓ કેન્સર સિવાય અન્ય બાબતોથી પણ થાય છે અને મદદ કરી શકે તેવી સારવારો છે. પરંતુ કોઇ પણ લક્ષણો વિશે તમારા ડૉકટર સાથે વાત કરવી મહત્વની છે.

"

મે પ્રોસ્ટેટ કેન્સર વિષયક એક ટીવી કાર્યક્રમ જોયા બાદ મને જોખમ હોવાનું વિચાર્યા બાદ મારા ડૉકટરની મુલાકાત લીધી હતી.

વ્યક્તિગત અનુભવ

# મારા કોઇ ડૉકટર ન હોય તો શું?

તમારી નજીકમાં રહેતા તમારા પરિવાર અથવા મિત્રોને પૂછો કે તેઓ કયા ડોકટર પાસે જાય છે. અથવા તમે નીચેની વેબસાઇટ્સ પરથી ડૉકટરને શોધી શકશો:

- **www.nhs.uk** ઇંગ્લેન્ડમાં
- **www.nhsinform.scot** સ્કોટલેન્ડમાં
- **www.nhsdirect.wales.nhs.uk/language** વેલ્સમાં
- **www.hscni.net** નોર્ધન આયર્લેન્ડમાં.

# તમારા ડોકટર પાસે જવામાં ચિંતા થાય છે?

કેટલાક પુરુષોને પરીક્ષણો કરાવવામાં ચિંતા થવા શરમની લાગણી થતી હોય છે. પરંતુ ડોકટરને મળવા જવા માટે તેને ધ્યાન પર ન લો.

યાદ રાખો, પરીક્ષણો તમારા ડોકટરને એ બાબત વિશે શ્રેષ્ઠ ખ્યાલ આપે છે કે શું તમારી સમસ્યાને સારવારની આવશ્યકતા છે કે કેમ. તમે મુલાકાત કરો ત્યારે પુરુષ ડોકટરને મળવા માટે તમે જણાવી શકશો.

# મારા ડોકટર કયા પરીક્ષણો કરશે?

જો તમને કોઇ લક્ષણો હોય તો તમારા ડોકટર તમને પૂછશે અને જો તમે પુરસ્થગ્રંથિ (પ્રોસ્ટેટ) સમસ્યા ધરાવો છો તો તેની તપાસ કરવા માટે થોડા પરીક્ષણો કરશે.

## પેશાબ પરીક્ષણ

પુરસ્થગ્રંથિ (પ્રોસ્ટેટ)માં તમને કોઇ વિકૃતિ છે કે નહીં એની તપાસ કરવા માટે ડૉકટર થોડા પરીક્ષણો કરશે.

## લોહી પરીક્ષણ

તમારા લોહીમાં પુરસ્થગ્રંથિમાંથી ઉત્પન્ન થયેલ પદાર્થ જેનાથી રોગ થાય (પ્રોસ્ટેટ સ્પેસિફિક એન્ટીજન – Prostate Specific Antigen – PSA) ની માત્રા શોધવા માટે તમારા ડોકટર લોહી પરીક્ષણ કરી શકે છે. પ્રોસ્ટેટમાં PSA તૈયાર થાય છે. જો તમારું PSA ઊંચું હોય તો તમને પ્રોસ્ટેટમાં સમસ્યા હોઇ શકે.

જો તમે 50 કરતા વધુ વય ધરાવતા હોવ PSA નું રક્ત પરીક્ષણ કરાવવાનો તમારો હક છે અને તમે તમારા ડૉકટર અથવા નર્સ સાથે તેના ફાયદા અને ગેરફાયદાઓ વિષે વાત કરી લીધી છે.

## શારીરિક તપાસ

પાછળના માર્ગ મારફતે તમારી પુરસ્થગ્રંથિને સ્પર્શીને તપાસ કરવા તમારા ડોકટર મંજૂરી માંગશે. આને ડિજીટલ ગુદામાર્ગની તપાસ (ડિજીટલ રેક્ટલ એગ્ઝામિનેશન – Digital Rectal Examination – DRE) કહેવાય છે. અમુક પુરૂષોને તે શરમજનક લાગે છે પરંતુ તે પીડાદાયક નથી. તમારા ડૉકટર તમારા પેટનો વિસ્તાર અને શિસ્નને પણ તપાસી શકે છે.

### એક અંગત વાર્તા

એલી, **59** વયના હતા જ્યારે તેમના પુરસ્થગ્રંથિ (પ્રોસ્ટેટ) કેન્સરનું નિદાન થયું:

"મેં DRE કરાવ્યું ત્યારે મેં વિચાર્યું - થોડી સેકન્ડ્સની તકલીફ માટે હું તેના સાથે જીવી શકીશ. તે કંઇક એવું છે જે હું હંમેશા મિત્રોને કહુ છું - હા, તે તકલીફદાયક છે અને તે શ્રેષ્ઠ નથી પરંતુ તે આપણું જીવન બચાવે છે, થોડી સેકન્ડ્સ તેને સહન કરી લો. મૂંઝવણથી તોબા ન પોકારશો."

# હું વધુ માહિતી ક્યાંથી મેળવી શકું?

અમારા નિષ્ણાંત નર્સો તમને ફોન પર તમારી પોતાની ભાષામાં દુભાષીયા મારફત મદદ આપી શકે છે. ફક્ત 0800 074 8383 પર ફોન કરી, અંગ્રેજીમાં તમારે ઉપયોગ કરવો હોય એ ભાષા બોલવાની છે.

તમે તમારા પરિવારજન અથવા મિત્રને પણ અમને કૉલ કરવા કહી શકો અને તેઓ તમારા વતી વાર્તાલાપ શરૂ કરી શકે. દુભાષીયા સાથે તમને જોડવામાં માત્ર થોડી મિનિટો જ લાગે છે.

તમારે માટે જરૂરી હોય તે તમામ પ્રશ્નો પૂછો અથવા ફક્ત વાત કરો – અમારા નિષ્ણાંત નર્સો અહિં તમારા માટે જ છે. અમે સાથીદારો, પરિવારજનો અને મિત્રો સાથે પણ વાત કરી શકીશું.


પ્રોસ્ટેટની સમસ્યાઓ, સારવારો અને પ્રોસ્ટેટ કેન્સર સાથે જીવવા વિષયક વધુ માહિતી માટેની લિંક્સ તમને ગુજરાતીમાં અહીં અમારી વેબસાઇટ **www.prostatecanceruk.org/other-languages** પર પણ જુઓ.

# અમારા વિષયક

Prostate Cancer UK ની એક જ મહત્વાકાંક્ષા છે: પુરુષોને પ્રોસ્ટેટ કેન્સરના કારણે મૃત્યુ પામતા બચાવવા – નિવારણ, નિદાન, સારવાર અને સપોર્ટમાં સુધારાઓ લાવવા.

Prostate Cancer UK (પ્રોસ્ટેટ કેન્સર યુકે) ખાતે, પુરસ્થગ્રંથિ (પ્રોસ્ટેટ) રોગો વિશે અદ્યતન, નિષ્પક્ષ અને સચોટ હકિકતો પૂરી પાડવા માટે અમે ખૂબ કાળજી લઇએ છીએ. અમે આશા રાખીએ છીએ કે તમે પ્રાપ્ત કરેલ તબીબી સલાહમાં આ ઉમેરો કરશે અને નિર્ણયો લેવામાં તમને સહાયક થશે. તમારા ડોકટરની સલાહમાં ફેરબદલી કરવાનો અમારી સેવાઓનો કોઇ હેતુ નથી.

# નોંધ



## અમારા નિષ્ણાત નર્સો સાથે વાત કરો

**0800 074 8383***

**prostatecanceruk.org**

Health & care information you can trust

The Information Standard Certified Member

Facebook પર અમને લાઇક કરો: **Prostate Cancer UK** (પ્રોસ્ટેટ કેન્સર યુકે)

Twitter પર અમને અનુસરો: **@ProstateUK**

© Prostate Cancer UK (પ્રોસ્ટેટ કેન્સર યુકે) મે 2018

મે 2021 માં સમીક્ષા થશે

સોમથી શુક્ર સવારે **9 - સાંજે 6,** બુધ સવારે **10 - સાંજે 8** અમારી નિષ્ણાત નર્સોને કૉલ કરો.

* માત્ર તાલીમ હેતુઓ માટે કોલ્સનું રેકોર્ડિંગ કરવામાં આવે છે.
કોલ કરનારાં અને Prostate Cancer UK (પ્રોસ્ટેટ કેન્સર યુકે) વચ્ચે ગોપનીયતા જાળવવામાં આવે છે.

Prostate Cancer UK (પ્રોસ્ટેટ કેન્સર યુકે) એ ઇંગ્લેન્ડ અને વેલ્સ (1005541) અને સ્કોટલેન્ડ (SC039332) માં રજીસ્ટર્ડ ચેરીટી છે. રજીસ્ટર્ડ કંપની નંબર 02653887.

5146 FYP-GUJ/MAR19

FSC www.fsc.org MIX Paper from responsible sources FSC® C023802